# ખેડૂતભાઇઓ જીરુંનો સંગ્રહ કરી એપ્રિલ, ૨૦૧૭ પછી વેંચવાનો નિર્ણય કરી શકે છે

ભારત જીરુંનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશકાર દેશ છે. ભારત ઉપરાંત, સિરિયા, ઇરાન, તુર્કી, ચીન અને લેટીન અમેરિકામાં પણ જીરુંનુ વાવેતર કરવામાં આવે છે. જીરુંની કાપણી બીજા દેશોમાં જુન-જુલાઇ મહિનામાં કરવામાં આવે છે અને ભારતમાં ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં જીરુંની કાપણી થાય છે. પુરવઠા સમયના આ તફાવતના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતનું જીરું વહેલું પહોચવાથી તેનો ફાયદો મળે છે.

સને ૨૦૧૫-૧૬માં ભારતમાં જીરુંનું વાવેતર અંદાજે ૭ લાખ હેક્ટર થયેલ અને ઉત્પાદન ૩.૭૪ લાખ ટન જેટલું થયેલ હતું. જે અગાઉના વર્ષે ૩.૧૮ લાખ ટન જેટલું મળેલ હતું. ઉપરાંત, સને ૨૦૧૪-૧૫માં દેશમાંથી જીરુંની નિકાસ ૧.૫૫ લાખ ટન થયેલ, જે ઘટીને વર્ષ ૨૦૧૫-૧૬માં ૦.૯૯ લાખ ટન થયેલ. જેથી, ગુજરાતમાં માર્ચ, ૨૦૧૫માં જીરુંના ભાવ મણ દીઠ રૂા. ૨૬૫૦ની આસપાસ હતાં તે થોડા વધીને માર્ચ, ૨૦૧૬માં મણ દીઠ રૂા. ૨૭૫૦ ની આસપાસ થયેલ તેમજ સ્થાનિક માંગ અને નિકાસ બંને સતત વધતા રહેતા ત્યારબાદ ભાવ વધુ વધીને ઓગષ્ટ, ૨૦૧૬માં મણ દીઠ રૂા. ૩૪૦૦ જેટલા થયેલ. એપ્રિલ થી સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધીમાં અંદાજે ૬૮૬૦૦ ટન જેટલા જીરુંની નિકાસ થયેલ છે.

ચાલું વર્ષ ૨૦૧૬-૧૭માં ગુજરાતમાં જીરુંનું વાવેતર ૨.૭૯ લાખ હેક્ટર થયેલ છે (બીજો આગોતરો અંદાજ તા. ૧૮-૧-૨૦૧૭). જે ગત વર્ષે ૨.૮૬ લાખ હેક્ટર થયેલ હતું. તેમજ ઉત્પાદન ૨.૧૨ લાખ ટન જેટલું થશે, જે ગત વર્ષે ૨૦૧૫-૧૬માં ૨.૩૮ લાખ ટન જેટલું મળેલ હતું. રાજસ્થાનમાં જીરુંનું વાવેતર ગત વર્ષ જેટલું થયેલ હોવાનું અનુમાન છે. જેથી, દેશમાં ચાલું વર્ષે જીરુંનું ઉત્પાદન ગત વર્ષ જેટલું જ થાય તેવી સંભાવના છે કે જે સ્થાનિક માંગ અને નિકાસ માટે પુરતું છે. હાલમાં જીરુંના ભાવ મણ દીઠ રૂા. ૩૦૦૦ની આસપાસ છે જે માર્ચ-એપ્રિલમાં પણ આ સપાટી આસપાસ રહેવા સંભવ છે અને ત્યારબાદ એપ્રિલ, ૨૦૧૭ પછી થોડા વધે તેવી શક્યતા રહેલી છે.

ઉપરોક્ત વિગતે અહેવાલને ધ્યાનમાં લઇને કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ માર્કેટના જીરુંના પાછલા વર્ષના માસિક ભાવોનું પૃથ્થકરણ કરેલ છે. જેના તારણ મુજબ **જીરુંના ભાવ માર્ચ-એપ્રિલ, ૨૦૧૭ દરમ્યાન કાપણી સમયે મણના રૂા. 3000 થી 3300 (રૂા. ૧૫૦૦૦ -૧૬૫૦૦ પ્રતિ ક્વિન્ટલ) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત વિગત ધ્યાનમાં રાખી ખેડૂતભાઇઓ જીરુંનો સંગ્રહ કરી એપ્રિલ, ૨૦૧૭ પછી વેંચવાનો પોતાની રીતે નિર્ણય કરી શકે છે.

જો, જીરુંની નિકાસ જળવાઇ રહેશે તો તેના ભાવમાં થોડો વધારો થવાની શક્યતા રહેલી છે.